નવી સેવા વર્ષ ૨૦૧૭-૧૮

પંચમહાલ-ગોધરા ખાતે નવી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી શરુ કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ મસક/૧૦૨૦૧૬/૧૬૪૬/ફ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૦/૪/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૨૫/૧૦/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ નસકપ/૯૬/વહટ-૨/૨૦૧૬

ઠરાવઃ-

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, પંચમહાલ -ગોધરા ખાતે નવી કચેરી શરુ કરવા અંગે વર્ષ-૨૦૧૭-૧૮ માં નવી સેવા તરીકે ઉક્ત ક્રમાંક(૧) મુજબની નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

આ દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે, પંચમહાલ-ગોધરા ખાતે જિલ્લા કક્ષાની નવી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી નીચે દર્શાવેલ જગ્યાઓ ઉભી કરવા અંગે રૂા. ૧૩.૫૦ લાખ (અંકેલ રૂપિયા તેર લાખ પચાસ હજાર પૂરા) ના ખર્ચને નીચેની શરતોને આધીન, આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| અ.નં. | જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ/પગાર |
|---|---|---|---|
| ૧ | જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી, વર્ગ-૧ | ૦૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦ (ગ્રેડ પે ૫૪૦૦) |
| ૨ | કલ્યાણ વ્યવસ્થાપક વર્ગ-૦૩ | ૦૧ | ફિકસ પગાર રૂા. ૧૯૯૫૦/-<br>(પ.ધો. ૫૨૦૦-૨૦૨૦૦(ગ્રેડ પે ૨૪૦૦) |
| ૩ | જુનીયર કારકુન વર્ગ-૦૩ | ૦૧ | ફિકસ પગાર રૂા. ૧૯૯૫૦/-<br>(પ.ધો. ૫૨૦૦-૨૦૨૦૦) (ગ્રેડ પે ૧૯૦૦) |

શ ર તોઃ-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.

(૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

Scanned by CamScanner

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) ડ્રાઈવર અને વર્ગ–૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીગથી કરાવવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી. પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયત નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા. ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે. વર્ગ–૩ ના કર્મચારીઓની ભરતી સરકારશ્રીની પ્રવર્તમાન ફીકસ પગારની નીતિ મુજબ કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૨) રાજય સરકાર ધ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) આ નવી મંજૂર કરેલ જગ્યાને તા.૨૮/૨/૨૦૧૮ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો ખાતાના વડાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને વિભાગ મારફત રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

Scanned by CamScanner

૨.	આ અંગે થનાર ખર્ચ નીચે જણાવેલ વિગતે સને ૨૦૧૭–૧૮ ના અંદાજપત્રમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | માંગણી નંબર | ૪૬ |
| ૨ | મુખ્ય સદર | ૨૨૩૫ |
| ૩ | પેટા મુખ્ય સદર | ૬૦ |
| ૪ | ગૌણ સદર | ૨૦૦ |
| ૫ | પેટા સદર | ૦૧ |
| ૬ | ખર્ચનો પ્રકાર | મહેસુલ |
| ૭ | ખર્ચનું હેડ ચાર્જેબલ | ૨૦૩૫–૬૦–૨૦૦–૦૧ |
| ૮ | યોજનાનો કોડ | ૫૧૭૯૫૭ |

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સચિવશ્રી (નાણા) નાણા વિભાગની તા. ૩૦/૩/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઉમેશ શર્મા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,
- નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ,જામનગર, સાબરકાંઠા(હિંમતનગર), કચ્છ (ભૂજ), મહેસાણા.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પંચમહાલ (ગોધરા).
- બજેટ શાખા,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ.

Scanned by CamScanner